# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

---

Ref no. PN 2025-26/109 Dt. 25/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## એસ.બી.સી. 1.0 & 2.0 સંયુક્ત બિઝનેસ પ્રેઝન્ટેશન મીટિંગનું સફળતાપૂર્વક આયોજન, બિઝનેસમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના ઉપયોગ પર રસપ્રદ ગોષ્ઠિ યોજાઈ

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેક્ટ દ્વારા ગુરુવાર, 21મી ઓગસ્ટ, 2025ના રોજ સેમિનાર હોલ એ, સરસાણા, સુરત ખાતે એસ.બી.સી. 1.0 અને 2.0 સંયુક્ત બિઝનેસ પ્રેઝન્ટેશન મિટીંગ વિથ એક્સપર્ટ ટોકનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર હંમેશા એવા અર્થપૂર્ણ મંચના નિર્માણમાં માને છે, જ્યાં બિઝનેસ અને જ્ઞાનનો સમન્વય થાય. આજે એઆઈનો જમાનો છે અને બિઝનેસમાં એઆઈના ઉપયોગ અંગેનો આ કાર્યક્રમ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને બહુ ઉપયોગી બની રહેશે. સોફ્ટવેરની જેમ, દરેક બિઝનેસે આજે નહીં તો કાલે, એઆઈનો ઉપયોગ અપનાવવો જ પડશે.

"બિઝનેસમાં એઆઈનો ઉપયોગ" વિષય પર શ્રી ભૌતિકકુમાર વઘાસિયાનું નિષ્ણાત પ્રવચન આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. પોતાનો દ્રષ્ટિકોણ શેર કરતાં તેમણે કહ્યું હતું કે "આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે ભવિષ્યનો ટ્રેન્ડ નથી, તે આજની બિઝનેસની વાસ્તવિકતા છે. જેઓ એઆઈને સ્વીકારશે તેઓ માત્ર કામગીરીને શ્રેષ્ઠ બનાવશે એટલું જ નહીં પરંતુ નવીનતા અને સ્પર્ધાત્મકતાના નવા માર્ગો પણ ખોલશે. શ્રી વઘાસિયાએ સેશનને જીવંત અને ઈન્ટરએક્ટિવ બનાવતા આ વિષય પર પૂછાયેલા સવાલોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા.

એસજીસીસીઆઈ બિઝનેસ કનેક્ટના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિએ વકતા શ્રી ભૌતિકકુમારનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તેમણે આગામી 2 મીટિંગનાં આયોજનની વિગતો જાહેર કરી હતી. એસબીસીના કો - ચેરમેનો શ્રી કેતન શાહ અને શ્રી વિશાલ બક્ષીએ સભ્યોનું 25 સેકન્ડનું અસરકારક પ્રેઝન્ટેશનનું સંચાલન કર્યું હતું.

આ મિટીંગમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ગૃપ ચેરમેન શ્રી દીપકકુમાર શેઠવાલા, એસબીસી કમિટીના એડવાઇઝરો શ્રી ચિરાગ દેસાઇ અને સુશ્રી સ્નેહા જરીવાલા તથા સભ્યો ઉપસ્થિત રહયા હતા. એસબીસીના સભ્ય સુશ્રી અંકિતા વાલંદે આભારવિધિ કરી હતી.